પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૩૩૮ | ૧૯ ફેબ્રુઆરી, ૨૦૧૭, રવિવાર ; મહા વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### સીએમની સભામાં સન્નાટો



પુના ખાતે મહાનગરપાલિકાની ચૂંટણીના પ્રચાર માટે મુખ્યમંત્રી નાના ફડનવીસની જાહેરસભામાં કોઈ શ્રોતાઓ ન પહોંચતા સન્નાટો ફેલાયો હતો. જો કે સભા મોડેથી રદ કરાઈ હતી.

### શીવપાલ એકલા પહોંચી વળશે



ઉત્તરપ્રદેશની જશવંતનગર બેઠક પરથી ચૂંટણી લડી રહેલા મુખ્યમંત્રી અખીલેશ યાદવના કાકા શીવપાલે કહ્યુ હતુ કે પ્રચારમાં કોઈ નહી આવે તો પણ હુ બેઠક જીતી લઈશ. ઉલ્લેખનીય છે કે શીવપાલ યાદવ અને અખિલેશ યાદવ વચ્ચેના મતભેદ સપાટી પર આવ્યા હતા.

### ઉદ્ધવ સમર્થન પાછુ ખેંચે : પવાર

એનસીપીના સુપ્રિમો શરદ પવારે ઉદ્ધવ ઠાકરેને ભાજપની રાજ્ય અને કેન્દ્ર સરકારને આપેલ સમર્થન પાછુ ખેંચવાનો પડકાર ફેંક્યો હતો.

### જાણીતા નવલકથાકાર વેદપ્રકાશ શર્માનું નિધન

હિન્દીના જાણીતા નવલકથાકાર વેદપ્રકાશ શર્માનું ૬૨ વર્ષની વયે નિધન થયું છે. વેદપ્રકાશ શર્માની વરદીવાલા ગુંડા નવલકથા ખુબ જ લોકપ્રિય બની હતી. જેની પહેલા જ દિવસે પંદર લાખ કોપીઓ વેચાઈ હતી.

### વર્લ્ડ રેન્કિંગમાં સિંધુ પાંચમા સ્થાને

રીયોઓલમ્પિકની સિલ્વર મેડલ



વિજેતા પી.વી. સિંધુ વીડબલ્યુએફ વર્લ્ડ રેન્કિંગમાં પાંચમુ સ્થાન પ્રાપ્ત કરનારી બીજી ભારતીય મહિલા બની છે. હજુ ટોપ ત્રણમાં પહોંચવા તે ભારે મહેનત કરી રહી છે.

# ધાંધલ વચ્ચે પલાનીસ્વામી વિશ્વાસનો મત જીત્યા

## પલાનીસ્વામીની તરફેણમાં ૧૨૨ મત અને વિરોધમાં ૧૧ મત : વિપક્ષની ગેરહાજરીમાં વોટીંગ માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી : ડિવિઝન ઓફ વોટીંગ મારફતે નિર્ણય : છ બ્લોકમાં વિભાજિત કરીને વોટીંગની પ્રક્રિયા





ચેન્નાઈ,તા. ૧૮

તમિલનાડુના મુખ્યમંત્રી ઈડાપ્પડી કે.પલાનીસ્વામીએ આજે વિધાનસભામાં બહુમતી સાબિત કરી દીધી હતી પરંતુ વિરોધ પક્ષની ગેરહાજરીમાં આ તમામ પ્રક્રિયા હાથ ધરાઈ હતી. પલાનીસ્વામીની સરકાર દ્વારા આજે વિશ્વાસમત લેવામાં આવી રહ્યો હતો ત્યારે તમિલનાડુ વિધાનસભા ગૃહમાં ભારે ધાંધલ ધમાલ થઈ હતી. પલાનીસ્વામીના વિરોધમાં ૧૧ મત પડ્યા હતા. જ્યારે તેમની તરફેણમાં ૧૨૨ મત પડ્યા હતા. વિશ્વાસ મત મેળવી લીધા બાદ તેઓ ભારે ખુશખુશાલ દેખાયા હતા. તમિલનાડુ વિધાનસભામાં ખૂબ જ સાવધાનીપૂર્વક તમામ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. કોંગ્રેસે બહિષ્કાર કર્યો હતો. વિધાનસભામાં વિપક્ષની ગેરહાજરીમાં વોટીંગની પ્રક્રિયા ચાલી હતી. ડીએમકેના ધારાસભ્ય તમિલનાડુના ગવર્નરને પણ મળ્યા હતા. દિવસ દરમ્યાન જોરદાર ઘટનાક્રમનો દોર રહ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

# નોટબંધી બાદ તિરૂપતી મંદિરની આવક ઘટી

## ટ્રસ્ટ દ્વારા ભરપાઇના પ્રયાસ : પ્રસાદ સહિત બીજી સુવિધાઓના ચાર્જમાં વધારો કરવા માટેની વિચારણા

તિરૂમાલા,તા. ૧૮

નોટબંધીની અસર જુદા જુદા ક્ષેત્રોમાં દેખાઈ રહી છે. તેની અસર શ્રદ્ધાળુઓ દ્વારા કરવામાં આવતા દાન પર જોવા મળી રહી છે. જ કારણસર દેશના સૌથી અમીર મંદિરો પૈકી એક તિરૂપતિ બાલાજીની આવકમાં ભારે ઘટાડો થયો છે. આ કમીને ઘટાડી દેવા માટે તિરૂપતિ તિરૂમાલા દેવસ્થાનમ ટ્રસ્ટે શ્રદ્ધાળુઓને આપવામાં આવતા પ્રસાદ સહિતની બીજી સુવિધાના ચાર્જમાં જંગી વધારો કરવા માટે સરકારને એક દરખાસ્ત મોકલી દીધી છે. જો કે મુખ્યપ્રધાન ચન્દ્રાબાબુ નાયડુએ આ દરખાસ્તને ફગાવી દીધી છે. ટ્રસ્ટ સાથે જોડાયેલા સુત્રોએ કહ્યુ છે કે નોટબંધી પહેલા આવક પાંચ કરોડ રૂપિયા દરરોજની હતી. જે નોટબંધીના કારણે ઘટી ગઈ

● અનુસંધાન પાન-૭ પર

# આજે ઉત્તરપ્રદેશમાં ત્રીજા તબક્કાનું મતદાન

## ત્રીજા તબક્કામાં ૮૨૬ ઉમેદવારોના ભાવિનો ફેંસલો થશે : ત્રીજા તબક્કામાં ૬૯ બેઠકો ઉપર ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરવા માટે કુલ ૨૪૧૬૭૪૦૭ મતદારો સજ્જ : પોલીંગ સ્ટેશનોની સંખ્યા ૨૫૬૦૬

લખનૌ,તા. ૧૮

ઉત્તરપ્રદેશમાં સઘન સુરક્ષા વચ્ચે આવતીકાલે ત્રીજા તબક્કામાં મતદાન યોજાનાર છે. ત્રીજા તબક્કામાં ૧૨ જિલ્લાને આવરી લેતી ૬૯ બેઠકો પર મતદાન યોજાનાર છે. આની તમામ તૈયારી કરી લેવામાં આવી છે. તમામ જગ્યાએ સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. ત્રીજા તબક્કામાં કુલ ૮૨૬ ઉમેદવારોના ભાવિનો ફેસલો થનાર છે. આ તબક્કામાં કેટલાક મોટા માથાના ભાવિનો ફેસલો થનાર છે. ઉત્તરપ્રદેશમાં આ વખતે મોટી સંખ્યામાં મતદારો મતદાન કરવા માટે બહાર નિકળી રહ્યા છે. જે પૈકી પ્રથમ તબક્કામાં ૬૪ ટકા અને બીજા તબક્કામાં ૬૬ ટકા જેટલુ ઉંચુ મતદાન થયુ હતુ. રાજ્યના ચૂંટણી ઈતિહાસમાં વધારે મતદાનનો રેકોર્ડ છે. ત્રીજા તબક્કાની ચૂંટણી મુખ્યપ્રધાન અખિલેશ યાદવની પ્રતિષ્ઠાજનક છે. આ પ્રતિષ્ઠામાં ભાજપ આ વખતે તેને તકલીફ સર્જી શકે છે. વર્ષ ૨૦૧૨ની ચૂંટણીમાં સમાજવાદી પાર્ટીએ આ ૬૯ સીટ પૈકી ૫૫ સીટ જીતીને જોરદાર સપાટો બોલાવ્યો હતો. બહુજન સમાજ પાર્ટીને માત્ર છ બેઠકો મળી હતી. ભાજજપને માત્ર પાંચ બેઠકો મળી હતુ. ઉત્તરપ્રદેશમાં ૨૦૦૭ અને ૨૦૧૨ની છેલ્લી બે ચૂંટણીમાં જે મતદાન થયું હતું તેની સરખામણીમાં ઉત્તરપ્રદેશમાં પ્રથમ બે તબક્કામાં શાંતિપૂર્ણરીતે મતદાન થયું હતુ. ત્રીજા તબક્કામાં ૬૯ સીટ માટે ૧૯મી ફેબ્રુઆરીના દિવસે મતદાન થશે. ચોથા તબક્કામાં ૧૨ જિલ્લામાં ૨૩મી ફેબ્રુઆરીના દિવસે મતદાન થશે. ઉત્તરપ્રદેશમાં પાંચમાં તબક્કામાં બાવન સીટ માટે ૨૭મી ફેબ્રુઆરીના દિવસે મતદાન થશે. છઠ્ઠા તબક્કા માટે સાત જિલ્લામાં ૪૯ સીટ માટે ચોથી માર્ચના દિવસે મતદાન થશે. જ્યારે સાતમાં,અંતિમ તબક્કામાં આઠમી માર્ચના દિવસે ૪૦ સીટમાં મતદાન થશે. મતગણતરીની પ્રક્રિયા ૧૧મી માર્ચના

● અનુસંધાન પાન-૭ પર

# બીએમસી ચૂંટણીના પ્રચારમાં ઉદ્ધવ ઠાકરેના આકરા પ્રહારો

## ભાજપ એક કોબરા તરીકે છે : બીએમસી ચૂંટણી બાદ દેવેન્દ્ર ફડણવીસ સરકારની સાથે શિવસેના છેડો ફાડે તેવી શક્યતા

મુંબઈ,તા. ૧૮

મહારાષ્ટ્ર સરકારમાં ભાગીદાર શિવસેના અને ભાજપ વચ્ચે મતભેદો હવે ચરમસીમા ઉપર પહોંચી ચુક્યા છે. તેમની વચ્ચે ભાગલા પડે તેવી શકયતા પણ દેખાઈ રહી છે. બીએમસી ચૂંટણીથી બે દિવસ પહેલા શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ ભાજપની સરખામણી કોબરા સાથે કરી હતી. બીજી તરફ દેવેન્દ્ર ફડણવીસ સરકાર સાથે જો શિવસેના છેડો ફાડી લેશે તો સમર્થનને લઈને ચાલી રહેલી અટકળો વચ્ચે એનસીપીના નેતા શરદ પવારે આજે જાહેરાત કરી હતી કે જો આવું થશે તો એનસીપી ફડણવીસ સરકારને સાથ આપશે નહીં. ૨૧મી ફેબ્રુઆરીના દિવસે બીએમસી ચૂંટણી પહેલા શિવસેના વડા ઉદ્ધવ ઠાકરેએ આજે એક રેલીમાં ભાજપ ઉપર આક્રમક પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે છેલ્લા ૨૫ વર્ષથી અમારા સંબંધો કોબરાની સાથે રહી ચુક્યા છે પરંતુ હવે આ લોકો માથું ઉંચકી રહ્યા છે.





પરંતુ અમે જાણીએ છીએ કે આ પ્રકારની પાર્ટીઓનો સામનો કઈ રીતે કરી શકાય છે. કોબરાને કઈ રીતે મારી શકાય છે તે અંગે અમારી પાસે માહિતી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે શ્રેણીબદ્ધ વચનો આપ્યા હતા. જે વચનો હજુ પણ પાળવામાં આવ્યા નથી.

શિવસેના અને ભાજપ વચ્ચે છેલ્લા ૨૫ વર્ષથી સંબંધો રહેલા છે પરંતુ સમયની સાથે સાથે બંને વચ્ચેના સંબંધોમાં તિરાડ પડી છે. બીએમસી ચૂંટણી પહેલા બેઠકોની વહેંચણીને લઈને પણ તિરાડ પડી હતી. શિવસેનાને કુલ ૨૨૭ સીટો પૈકી માત્ર ૬૦ બેઠકો આપવાની ઓફર કરી હતી. જેને ભાજપે અપમાન તરીકે ગણાવીને ફગાવી દીધી હતી.

# જીએસટી કાઉન્સિલ દ્વારા કાયદાને મંજુરી અપાઈ

## રાજ્યોને વળતર સંદર્ભે કાયદાને મંજુરી અપાઈ જીએસટીને અમલી કરવાની દિશામાં આગેકૂચ કરાઈ





ઉદયપુર, તા.૧૮

જીસટીને અમલી બનાવવાની દિશામાં સરકારે આગેકૂચ કરી લીધી છે. આના ભાગરૂપે જીએસટી કાઉન્સિલે આજે રેવેન્યુ નુકસાન માટે રાજ્યોને વળતર આપવા સાથે સંબંધિત કાયદાને મંજુરી આપી દીધી હતી. નવા નેશનલ સેલટેક્સને અમલી બનાવવાના કારણે થનાર રેવન્યુ નુકસાનને પહોંચી વળવા માટે રાજ્યોને વળતર આપવામાં આવનાર છે. જોકે આગામી બેઠકમાં કાયદાના સંદર્ભમાં કોઈ માહિતી આપવાનો ઈનકાર કરી દેવામાં આવ્યો છે. ઓલ પાવરફુલ જીએસટી કાઉન્સીલની બેઠક ચોથી અને

● અનુસંધાન પાન-૭ પર

# બિહાર મહાગઠબંધનમાં મતભેદ

પટણા,તા. ૧૮

બિહાર વિધાન પરિષદની ચૂંટણી પહેલા મહાગઠબંધનમાં વિભાજનની સ્થિતિ દેખાઈ રહી છે. મહાગઠબંધનમાં હવે તિરાડ પડતા તમામ પાર્ટીઓ અલગ અલગ દેખાઈ રહી છે. વિધાન પરિષદ ચૂંટણીની ચાર બેઠકો માટે નવમી માર્ચના દિવસે ચૂંટણી યોજાનાર છે. જેમાં કોંગ્રેસના આરજેડી-જેડીયુ ઉમેદવારની સામે બે ઉમેદવારોની જાહેરાત કરવામાં આવ્યા બાદથી પ્રદેશમાં શાસક મહાગઠબંધનની

● અનુસંધાન પાન-૭ પર

નવી બેચ તા.૨૦/૨/૧૭થી શરૂ
સમયઃ- સવારે ૮ થી ૧૦ સાંજે ૭ થી ૯
GPSC-1/2
વર્ગ-૩ જનરલ બેચ
ફ્રી ડેમો લેક્ચર
ક્લાસમેટ એકેડમી
M. 98248 87985 78787 87985
સે-૩, ઘ-દોઢ બસ સ્ટેન્ડની બાજુમાં, આંધ્રા બેન્ક પાસે, ગાંધીનગર

PSI મુખ્ય
તા.૨૦-૨-૨૦૧૭થી નવી બેચ શરૂ
સમય સવારે ૧૦ થી ૧૨ ફી રૂ.૫૦૦૦
ૐ ક્લાસીસ 2001થી આપની સેવામાં
દિલીપ પટેલ નીતા પટેલ
ખ-૦ સર્કલ, સરગાસણ ચાર રસ્તા, ગાંધીનગર
704343 1111, 97121 43102
ઓફિસ સમય : 10 થી 4, રવિવારે રજા

સ્પે. ભાલીયા ઘઉંના ખાખરા
શ્રી ભાગ્યલક્ષ્મી મહિલા ગૃહ ઉદ્યોગ
પ્લોટ નં. ૧૪૭, શોપીંગ સેન્ટરની બાજુમાં, સેક્ટર-૮, ગાંધીનગર
મો. ૯૫૭૪૫ ૬૪૯૩૬

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

સ્વર ગુંજન સાંસ્કૃતિક સંસ્થા
પ્લોટ નં. ૫૬૩, સેક્ટર-૮, ગાંધીનગર
ગાંધીનગરમાં નવોદિત ઉગતા-ઉભરતા કલાકાર માટેની સંસ્થા



તાજેતરમાં ભારત કક્ષાએ યોજાયેલી 'વાઉ ફેક્ટર'માં ગુજરાતમાંથી એકમાત્ર સ્વર ગુંજન ગાંધીનગર ગ્રુપના માસ્ટર હરીઓમ ગઢવી વિજેતા થવા બદલ સ્વર ગુંજન ગૃપ તથા ગાંધીનગરના સંગીત પ્રેમીઓ ગર્વની લાગણી અનુભવે છે.

વાર્ષિક ફી રૂ. ૧૦૦૦ બે સભ્યો માટે ૨૦૧૭ વર્ષ
Swar Gunjan
એક વર્ષના ૪-ચાર પ્રોગ્રામનું આયોજન

- KARAOKE (કરાઓકે) પ્રોગ્રામ અને મહિનામાં બે વખત ફક્ત ગાવાના શોખીન સિંગર મિત્રો માટે
- એક વર્ષના વાર્ષિક પ્રોગ્રામમાં સંગીત સિવાય પણ અલગ પ્રકારના સાંસ્કૃતિક પ્રોગ્રામ રજૂ કરવામાં આવશે.
- અગર આપ ગાવાના શોખીન છો તો આવો આપણે સાથે મળીને આપણી સ્વર ગુંજન સંસ્થાને મજબૂત બનાવીએ..

ફોર્મ મેળવવાનું સ્થળ તથા સંપર્ક નંબર
Capital Stationers : Shopping Centre, Sec-22, Gandhinagar
Rajendra Mehta : E-202, Shukan Silver, Kudasan, Gandhinagar, Mo. 98795 30517
• Atul Joshi : 94267 66657 • Bharat Thakar : 98254 87650
• Kishor Prajapati : 90330 14870 • Kalpesh Sharma : 98259 21599
• Bijoy Tiwari : 75675 94708 • Sukhdev Gadhvi : 97230 10101

N.C.P.
એન્કાઉન્ટર મા સીધી મુલાકાત
નરેન્દ્ર જાદવ સાથે
તા. ૧૯-૦૨-૧૭ રવિવાર
રાત્રે ૮.૦૦ કલાકે
અને
તા. ૨૦-૦૨-૧૭ સોમવાર
સવારે ૮.30 કલાકે
બપોરે ૧૨.30 કલાકે
TV9 ગુજરાતી



શ્રી પ્રફુલ પટેલ
(સાંસદ રાજ્યસભા)
માજી. ઉડ્ડયન અને ઉદ્યોગમંત્રી
http://www.praful-patel.com
www.facebook.com/shripraful patel www.twitter.com/praful_patel

બાળકોમાં રહેલ આંતરિક કલાશક્તિને ઉજાગર કરી પદ્ધતિસરની તાલીમ આપતી એકમાત્ર નવતર કલાસંસ્થાનો નવવિકસિત ગાંધીનગરમાં
શુભારંભ
અભિવ્યક્તિ
કલા કેન્દ્ર
● નૃત્ય ● ગાયન ● આર્ટ & ક્રાફ્ટ
● વાદન : હાર્મોનિયમ - તબલા - ગીટાર - વાંસળી
જેમાં આપના બાળકને એમની પસંદગીના કલા વિષયમાં વ્યક્તિગત વિશેષ ધ્યાન આપી પારંગત કરવામાં આવશે.
આવો, બાળકને કલાની અભિવ્યક્તિની તક આપીએ.
પ્રવેશ ચાલુ છે
સરકાર માન્ય પરીક્ષા અપાવવામાં આવશે.
ગાર્ગી ઠક્કર
સ્વાગત રેઈન ફોરેસ્ટ-૧, સી-૩૦૭, ત્રીજો માળ, બ્લેક પેપર રેસ્ટોરન્ટની ઉપર, કૂડાસણ
મો. : ૯૬૨૪૦ ૩૪૩૫૩